કેસ પ્રાપ્તિ તારીખ : ૧૭–૦૯–૨૦૧૮
કેસ દાખલ તારીખ : ૧૭–૦૯–૨૦૧૮
કેસ નિર્ણીત તારીખ : ૦૧–૦૪–૨૦૨૬
સમય અવધી : વર્ષ – માસ – દિવસ.
૦૭ ૦૬ ૧૫.

મહેરબાન દ્વારકાના ખાસ જજ્જ શ્રી કે. જે. મોદી, {અનુસુચીત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ }સાહેબની કોર્ટ સમક્ષ મુકામ : દ્વારકા.

સ્પેશ્યલ (એટ્રોસીટી) કેસ નં. ૩૪, સને ૨૦૨૦.
(જુનો સ્પે. એટ્રો. કેસ નંબર : ૧૩, સને ૨૦૧૮)
આંક–.....

ધી સ્ટેટ ઓફ ગુજરાત ................ ફરિયાદી
(શ્રી રાણાભાઈ નાથાભાઈ હાથીયા,
જાતે : અનુસૂચિત જાતિ, ઉંમર વર્ષ : ૬૦,
રહેવાસી : આરંભડા સિમ, ઘરાર નગર,
આવળ માતાના મંદિર પાસે, તાલુકો : દ્વારકા,
જિલ્લા : દેવભૂમિ દ્વારકા)

**વિરૂઘ્ધ**

(૧) જાલમભા ડેપાભા નાયાણી,
જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૫૩, ધંધો : ડ્રાઈવિંગ,
(૨) મયુરભાં જાલમભા નાયાણી,
જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : આશરે : ૨૨,
ધંધો : કલીનર,
(૩) વિજયભા જાલમભા નાયાણી,
જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૨૮, ધંધો : ડ્રાઈવિંગ,
રહેવાસી : ત્રણેય – આરંભડા સિમ,
ઘરાર નગર, ઠેકાણું : આવડ માતાનાં મંદિર પાસે,
તાલુકો : દ્વારકા, જિલ્લા : દેવભૂમિ દ્વારકા. ......આરોપીઓ.

---

ગુન્હો :– **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૧) તથા ધી એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૨)(૫–એ) તથા૩(૨)(૫) મુજબ.**

---

---

**એડવોકેટસ એપીયરન્સીસ:–**

ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એડીશનલ પબ્લીક પ્રોસીસક્યુટર્સ શ્રી એ. એચ. વ્યાસ.
આરોપીઓ તરફે વિદ્વાન વકિલ શ્રી એમ. બી. ધાવરીયા.

---

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામના ફરિયાદી શ્રી રાણાભાઈ નાથાભાઈ હાથીયા, જાતે : અનુસૂચિત જાતિ, ઉંમર વર્ષ : ૬૦, રહેવાસી : આરંભડા સિમ, ઘરાર નગર, આવળ માતાના મંદિર પાસે, તાલુકો : દ્વારકા, જિલ્લા : દેવભૂમિ દ્વારકા વાળાઓએ ગત તા.૨૪–૦૭–૨૦૧૮ નાં રોજ મીઠાપુર પોલીસ સ્ટેશનનાં પોલીસ હેડ કોન્સ્ટેબલ જી. એ. ગોજીયા સમક્ષ ફરીયાદ આપી હતી. જે અન્વયે મીઠાપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નંબર : ૩૧ સને ૨૦૧૮ થી જે તે સમયે અમલમાં રહેલ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (**સરળતા ખાતર ''પીનલ કોડ''**) ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ : ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટ, ૧૯૫૦ (**સરળતા ખાતર ''જી.પી.એકટ''**) ની કલમ ૧૩૫(૧) તથા અનૂસુચિત જાતિ તથા જનજાતિ (અત્યાચાર નિવારણ) અધીનીયમ, ૧૯૮૯ (**સરળતા ખાતર ''એટ્રોસીટી એકટ''**) ની કલમ ૩(૧)(આર), ૩(૨)(૫–એ) તથા ૩(૨)(૫) અન્વયે સજાને પાત્ર ગુનો નોંધવામાં આવ્યો હતો. જે ગુનાની આગળની તપાસ હોદ્દાની રૂએ નાયબ પોલીસ અધીક્ષક એસ.સી. એસ.ટી. સેલ દેવભૂમિ દ્વારકા શ્રી રમેશભાઈ કાંતિલાલ પટેલએ સંભાળી હતી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધ્યા હતાં તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કર્યુ હતુ તેમજ ગુના કામે ઉપયોગમાં લીધેલા હથિયારો બે પંચોની હાજરીમાં વિગતવાર પંચનામું કરી, તપાસ અર્થે કબજે લીધા હતા અને ફરિયાદી–સાહેદોની ઈજાનુ સારવાર સર્ટી મેળવવા તજવીજ કરી હતી તેમજ ફરિયાદી તથા આરોપીઓની જાતિ અંગેના પ્રમાણપત્રો મેળવવા તજવીજ કરી હતી તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ રજૂ કર્યુ હતુ.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગત તા.૨૩–૦૭–૨૦૧૮ નાં રોજ, સાંજનાં ૦૬ : ૩૦ વાગ્યાનાં સમયે આ કામનાં ફરિયાદી રાણાભાઈ નાથાભાઈ હાથીયા તથા તેના દીકરા ભરતભાઈ હાથીયા બંને ઈંટો લેવા ગયેલ હતા અને ત્યાંથી પાછા આવતા હતા, તે સમયે સાંજનાં ૦૬ : ૩૦ વાગ્યે આરોપી નં. ૩ પોતાના ઘરનાં ઓટલા ઉપર બેઠેલા હોય, ત્યારે ફરિયાદી તથા સાહેદ બંનેને રોકી, ગાળો કાઢવા લાગેલ અને ફરિયાદી તથા સાહેદે ગાળો કાઢવાની ના પાડતા અને આરોપી નં. ૩ ને સમજાવવા જતાં આરોપી ઉશ્કેરાઈ ગયેલા અને ફરિયાદી તેમજ સાહેદને જેમ ફાવે તેમ ગાળો લેવા લાગેલા અને જાતિ પ્રત્યે અપમાનિત થાય, તેવા શબ્દો જાહેરમાં બોલવા લાગેલ અને આરોપી નંબર : ૩ નાં હાથમાં રહેલ લોખંડનાં પાઈપથી ફરિયાદીનાં ડાબા હાથમાં એક ઘા મારી, ફ્રેકચર કરેલ અને એક ઘા ડાબા કાનની પાછળના ભાગે મારેલ તેમજ એક ઘા જમણા કાન પાસે મારેલ, તે દરમિયાન આરોપી નં. ૧ તથા ૨ આવી જતાં આરોપી નં. ૧ એ ફરિયાદીને લોખંડનાં સળીયાથી ડાબા પગનાં ગોઠણનાં ભાગે ૩–૪ ઘા મારેલ અને આરોપી નં. ૨ એ ફરિયાદીને કૂહાડાથી જમણા કાન ઉપર માથાના પાછળના ભાગે ઘા મારેલ તથા સાહેદ ભરતભાઈને આરોપી નં. ૧ એ લોખંડનાં સળીયાથી ડાબા હાથમાં માર મારતાં ટચલી આંગળીની બાજુની આંગળીમાંથી લોહીં નિકળતાં ઈજા કરી, એક બીજાને મદદગારી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મહેરબાન અધિક ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, દેવભૂમિ દ્વારકાનાંઓનાં હથિયાર બંધી અંગેનાં જાહેરનામાંનો ભંગ કરી, આ કામનાં તમામ આરોપીઓએ ''પીનલ કોડ'' ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬ ( ૨ ) સાથે વાંચતા કલમ ૧૧૪ તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૨)(૫–એ) તથા ૩(૨)(૫) મુજબનો ગુનો કરેલ છે.

(૩) તપાસના અંતે ત. ક. અમલદારે જે તે સમયે મોજે ખંભાળીયાના સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતુ. જે અન્વયે સ્પે. એટ્રોસીટી (ફોજદારી) કેસ નંબર : ૧૩ સને ૨૦૧૮ દાખલ કરવામાં આવ્યો હતો અને ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ તાલુકા : દ્વારકા મુકામે નવી એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટની રચના કરવામાં

આવી હોય તેમજ તેને સત્ર અદાલત તરીકે પણ જાહેર કરવામાં આવી હોય તેમજ તેને એટ્રોસીટી એકટ અન્વયેની ખાસ અદાલત જાહેર કરવામાં આવી હોય અને હાલનો ગુનો અત્રેની નવી રચાયેલી અદાલતની પ્રાદેશીક હુકમત અન્વયે બન્યો હોય સદર કેસ તારીખ : ૧૫/૧૦/૨૦૨૦ ના રોજના હુકમ આધારે અત્રેની ખાસ અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે અને તે અનુસંધાને હાલના કેસને અત્રે નવો સ્પે. એટ્રોસીટી (ફોજદારી) કેસ નંબર : ૩૪ સને ૨૦૨૦ આપવામા ંઆવ્યો છે અને આગળની ઈન્સાફી કાર્યવાહી અત્રે ચલાવવામાં આવી છે.

(૪) સદર કેસ અત્રે દાખલ થયા બાદ આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી થતાં તેઓ તેમના બચાવ અર્થે વિદ્વાન વકીલ શ્રી એમ. બી. ઘાવરીયા મારફતે હાજર રહયા છે. આરોપીઓને જે તે સમયે અમલમાં રહેલ ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ (સરળતા ખાતર ''સંહિતા'') ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યુ પુરી પાડવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્વાન એ. પી. પી. શ્રી. એ આરોપીઓ ઉપર જે તહોમત મુકવામાં આવ્યું હતું, તેનું વર્ણન કરી, ફરિયાદ પક્ષ કયા પુરાવાથી આરોપીઓનો દોષ સાબિત કરવા માગે છે, તેનું વર્ણન કરી, મૌખિક સાહેદોનું લીસ્ટ તથા દસ્તાવેજી પુરાવાઓ અદાલત સમક્ષ રજૂ કરી આ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી હતી તેમજ ત્યારબાદ કેસનું રેકર્ડ તથા રજૂ કરેલા દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ તેમજ તે સબંધંમા આરોપી તેમજ ફરિયાદ પક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ આરોપીઓએ તેમની સામે આક્ષેપિત ગુનો કર્યો હોવા સંદર્ભે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો જણાય આવ્યા હોય આરોપીઓ સામે લેખિત તહોમતનામું આંક : ૨૫ થી ઘડવામાં આવ્યું હતું તેમજ તે તહોમતનામાંનાં કથનો આરોપીઓ સમક્ષ વાંચી, સંભળાવી અને સમજાવી, તહોમતનામાં મુજબનો ગુનો કબૂલ કરવા માંગો છો કે બચાવ કરવા માંગો છો ? તેવો પ્રશ્ન પૂછી, તેમના નિવેદનો આંક : ૨૬, ૨૭, ૨૮ થી નોંધવામાં આવ્યા છે, જે અન્વયે આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરી, બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા આ કેસની ઈન્સાફી આગળ ચલાવવામાં આવી છે.

(૫) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજૂ કર્યા છે.

(અ) **દસ્તાવેજી પુરાવાઓ** :

| અ.નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| (૧) | ૩૨ | પ્રથમ માહીતી અહેવાલ સહીતની ફરિયાદ. |
| (૨) | ૩૭ | ગુનો નોંધવાનો પોલીસ ફોરવર્ડીંગ લેટર. |
| (૩) | ૩૮ | એટ્રોસીટી એકટ હેઠળનાં ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ. |
| (૪) | ૩૯ | પોલીસ તપાસ સંભાળવા અંગેનો પોલીસ વાયરલેશ મેસેજ. |
| (૫) | ૪૦ | સ્ટેશન ડાયરીનાં રીલેવન્ટ પેઈજની ખરી નકલ. |
| (૬) | ૪૨ | આરોપીની અટક કરવા માટેની મંજૂરી મેળવવાનો પોલીસ પત્ર. |
| (૭) | ૪૩ | આરોપીઓ નં. ૧, ૨ ની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવવા લખાયેલ પોલીસ પત્ર. |
| (૮) | ૪૪ | આરોપી નં. ૩ ની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાનો પોલીસ પત્ર. |
| (૯) | ૪૫ | ગુનાવાળ સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| (૧૦) | ૪૬ | ફરિયાદી તથા સાહેદોએ બનાવ વખતે પહેરેલ કપડા તપાસ અર્થે કબજે લીધાનું પંચનામું. |
| (૧૧) | ૪૭ | આરોપીઓ નં. ૧, ૨ ની શરીર સ્થિતિ, અટક તથા બનાવમાં ઉપયોગમાં લીધેલા હથિયાર પોલીસ તપાસ અર્થે કબજે લીધાનું પંચનામું. |
| (૧૨) | ૪૮ | આરોપી નં. ૩ ની શરીર સ્થિતિ, અટક અંગેનું પંચનામું. |
| (૧૩) | ૪૯ | ત. ક. અમલદારે ફરિયાદી તથા સાહેદ ભરતભાઈ હાથીયાનાં લોહીંના નમૂના લઈ, શિલબંધ હાલતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વરવાળાને લખેલ વિનંતી રીપોર્ટ. |
| (૧૪) | ૫૦ | ત. ક. અમલદારે આ ગુનાની તપાસ દરમિયાન સાહેદ સુકાભાઈ હાથીયાનાં લોહીંના નમૂના લઈ, શિલબંધ હાલતમાં આપવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વરવાળાને લખેલ વિનંતી રીપોર્ટ. |
| (૧૫) | ૫૧ | આરોપીઓ મયુરભા નાયાણી તથા જાલમભા નાયાણીનાં લોહીંના નમૂના લઈ, શિલબંધ હાલતમાં આપવા ત. ક. અમલદારની સૂચનાના આધારે લખાયેલ વિનંતી રીપોર્ટ. |
| (૧૬) | ૫૨ | ફરિયાદી તથા સાહેદોના અન્ય ક્રોસ ગુના કામે ફરિયાદી આરોપીમાં અને આરોપીઓ પૈકી ફરિયાદીમાં હોય, તે ગુનાની તપાસ દરમિયાન તેઓ મળી આવ્યે તેઓએ વાપરેલ મારક હથિયાર શિલબંધ હાલતમાં કબજે કરવા તથા આરોપીઓએ ગુના સમયે પહેરેલ લોહીંવાળા કપડા શિલબંધ કબજે કરી રજૂ કરવા ત. ક. અમલદારે મીઠાપુર પો. સ્ટે.ને લખેલ પત્ર. |

| | | |
|---|---|---|
| (૧૭) | ૫૩ | ફરિયાદી તથા ભોગ બનનારે લીધેલ સારવાર અંગેના સર્ટી ત. ક. અમલદારે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ જિલ્લો : દેવભૂમિ દ્વારકાને મોકલી આપેલ, તેનાં ફોરવર્ડીંગ લેટરની ઓફિસ કોપી. |
| (૧૮) | ૫૪ | ફરિયાદી– સાહેદોએ લીધેલ સારવારનાં સર્ટી આપવા ત. ક. અમલદારે ટાટા હોસ્પિટલનાં મેડીકલ ઓફિસરને લખેલ વિનંતી રીપોર્ટ. |
| (૧૯) | ૫૫ | આરોપીઓનાં સારવાર નાં સર્ટી મેળવવા ત. ક. અમલદારે ટાટા હોસ્પિટલનાં મેડીકલ ઓફિસરને લખેલ વિનંતી રીપોર્ટ અસલ. |
| (૨૦) | ૫૬ થી ૫૮ | ફરિયાદી તથા સાહેદોએ મીઠાપુર હોસિપટલમાં લીધેલ સારવાર અંગેના એમ. એલ. સી. કેસ પેપર્સ. |
| (૨૧) | ૫૯ | ફરિયાદી તથા સાહેદોએ લીધેલ સારવારનાં સર્ટી આપવા ત. ક. અમલદારે જી. જી. હોસ્પિટલ, જામનગરનાં મેડીકલ ઓફિસરને લખેલ વિનંતી રીપોર્ટ. |
| (૨૨) | ૬૦ થી ૬૨ | જી. જી. હોસ્પિટલ, જામનગરનાંઓએ ઈસ્યુ કરેલા ફરિયાદી તથા સાહેદોનાં ઈજાના પ્રમાણપત્રો. |
| (૨૩) | ૬૩ | ફરિયાદી, સાહેદ તથા આરોપીઓની જાતિ અંગેના પ્રમાણપત્ર મેળવવા ત. ક. અમલદારે તાલુકા વિકાસ અધિકારી, દ્વારકાને લખેલ વિનંતી રીપોર્ટની ઓફિસ કોપી. |
| (૨૪) | ૬૪, ૬૫ | અનુક્રમે ફરિયાદી સાહેદોની જાતિ અંગે તેમજ આરોપીઓની જાતિ અંગે તાલુકા વિકાસ અધિકારી, દ્વારકાને ત. ક. અમલદારને મોકલાવેલ અભિપ્રાય અસલ. |
| (૨૫) | ૬૬ | જી. જી. હોસ્પિટલ, જામનગરનાં હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ પરમારે બનાવ સંબંધે વર્ધી લખાવેલ, તેનો ઉતારો. |
| (૨૬) | ૬૭ | આ ગુનાની તપાસ દરમિયાન કબજે લીધેલ મુદ્દામાલ એફ. એસ. એલ. પૃથકરણ કરાવવા સારુ મોકલેલ, તે રવાનગી પત્રક. |
| (૨૭) | ૬૮ | મુદ્દામાલ પૃથકરણ કરી, અહેવાલ મોકલવા એફ. એસ. એલ. રાજકોટને ત. ક. અમલદારે લખેલ પત્રની ઓફિસ કોપી. |
| (૨૮) | ૬૯ | મુદ્દામાલ એફ. એસ. એલ. પૃથકરણ કરવાનું ફોર્મ. |
| (૨૯) | ૭૦ | મુદ્દામાલ એફ. એસ. એલ. ને મળ્યાની પહોંચ. |
| (૩૦) | ૭૧ | અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, દેવભૂમિ દ્વારકાનાંઓનું હથિયાર બંધી અંગેનું જાહેરનામું – નકલ. |

(બ) **<u>મૌખિક પુરાવાઓ</u> :**

| સા.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૩૧ | ફરિયાદી – ભોગ બનનાર રાણાભાઈ નાથાભાઈ હાથીયા. |
| (૨) | ૩૪ | ભોગ બનનાર સાહેદ ભરત રાણાભાઈ હાથીયા. |

| | | |
|---|---|---|
| (૩) | ૩૫ | ભોગ બનનાર સાહેદ સુકાભા રાણાભાઈ હાથીયા. |
| (૪) | ૩૬ | પો.સ્ટે. અમલદાર રમેશભા ધાંધાભા બઠીયા. |
| (૫) | ૪૧ | ત. ક. અમલદાર – રમેશભાઈ કાંતિલાલ પટેલ. |

**(૬)** ફરિયાદ પક્ષે આંક : ૭૨ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવી છે. ત્યારબાદ અત્રેની અદાલતે તારીખ : ૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સરળતા ખાતર ''બી.એન.એસ.એસ'') ની કલમ ૨૫૬ અનુસાર સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોય તો તેમ કરવાનો આરોપીઓને પુરેપુરો અધિકાર છે તે મતલબની સમજણ તેમને પુરી પાડેલી છે પરંતુ આરોપીઓ પોતે પોતાના અધિકારનો ઉપયોગ કરતા માંગતા નથી તેમજ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવું જાહેર કર્યુ હતુ. ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવામાં આરોપીઓનો ખુલાસો પૂછવો પડે તવા કોઈ સંજોગો જણાય આવ્યા ન હોવાથી ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૩૫૧ અન્વયે આરોપીઓના નિવેદનો નોંધવામાં આવ્યા નથી.

**(૭)** હાલનાં કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**::– મુ દ્દા ઓ –::**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ આંક : ૨૫ ના તહોમતનામામાં જણાવ્યા અનુસાર ''પીનલ કોડ'' ની કલમ : ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬ (૨) સાથે વાંચતા કલમ – ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) તથા ધી એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૨)(૫–એ) તથા ૩(૨ )(૫) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**::– નિ ર્ણ યો –::**

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ અનુસાર.

(૯) મારા ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**::- કારણો -::**

**મુદ્દા નંબર : ૧ :-**

(૧૦) હાલના કેસમાં આરોપીઓ ઉપર ''પીનલ કોડ'' ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬ ( ૨ ), સાથે વાંચતા કલમ ૧૧૪ તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧ ૩૫(૧) તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૨)(૫-એ) તથા ૩(૨)(૫) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાનું તહોમત મુકવામાં આવ્યુ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે Rabindra Kumar Dey Vs. State of Orissa, AIR 1977 SC 170, ના ચુકાદામાં ત્રણ મુખ્ય સિધ્ધાંતોનો પુનોરચ્ચાર કર્યો છે કે, (i) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt, and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving it's case; (ii) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty, and (iii) that the onus of the prosecution never shifts. Thus, it is well-settled that in criminal trial, the guilt of the accused must be proved beyond reasonable doubt in order to convict him. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે State of Uttar Pradesh Vs. Krishna Gopal, (1988) 4 SCC 302 માં ઠરાવ્યુ છે કે, the person has, no doubt, profound rights not to be convicted of an offence, which is not established by the evidential standard of proof beyond reasonable doubt. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાને રાખી હાલના કેસમાં બન્ને પક્ષો તરફથી રજૂ કરવામાં આવેલી રજૂઆતો ધ્યાને લેવામાં આવી છે તેમજ રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ સાહિત્ય ધ્યાને લેવામાં આવ્યુ છે.

(૧૧) બંને પક્ષોના વિદ્વાન વકીલ શ્રીઓની દલીલો ધ્યાને લેતા હું સૌ પ્રથમ નામદાર હાઈકોર્ટ તથા નામદાર ભારતીય સર્વોચ્ચ અદાલતે એટ્રોસીટી એકટ નીચે ઉપસ્થિત થયેલા કેસોમાં આપેલા ચુકાદાઓમાં પ્રતિપાદિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી ગણુ છું. જે સિધ્ધાંતો એવા છે કે, કોઈ વ્યકિત અનુસુચિત જાતિ કે જનજાતિ વર્ગનો છે કે કેમ ? તેવી હકિકત માત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્ર કે રાજય સરકાર અગર તો કેન્દ્ર સરકારના નોટિફીકેશનના પુરાવાના આધારે જ નકકી કરી શકાય. તેની ગેરહાજરીમાં

સાક્ષીઓ દ્વારા જુબાનીમાં કહેવામાં આવેલ મોઘમ શબ્દોના આધારે આવી હકિકત સાબિત થઈ હોવાનું માની શકાય નહી. તે જ રીતે અન્ય પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર, એટ્રોસીટી એકટના બનાવમાં બનાવનો ભોગ બનનાર વ્યકિત અનુસુચિત જાતિ કે જનજાતિના વર્ગનો છે તેવું સાબિત કરવા ઉપરાંત એવું પણ સાબિત કરવું જોઈએ કે, આક્ષેપ મુજબ બનાવ, ભોગ બનનાર વ્યકિત આવી જાહેર થયેલી જ્ઞાતિનો સભ્ય હોવાથી બનેલ હતો. અન્યથા એટ્રોસીટી એકટ નીચેની જોગવાઈ લાગુ કરી શકાય નહી. ઉપરોકત તમામ ગુનાહિત કૃત્યો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપર જણાવેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ ઉપર આધાર રાખવામાં આવ્યો છે. સબબ તેનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મૂલ્યાંકન કરી કેસના નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે.

**(૧૨)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૧ રાણાભાઈ નાથાભાઈ હાથીયાને આંક : ૩૧ થી તપાસવામાં આવ્યા છે. ફરિયાદ પક્ષના કેસ અનુસાર તેઓ બનાવમાં ભોગ બનનાર છે અને બનાવ અંગેની ફરિયાદ આપી છે. આમ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પૂરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પૂરાવો ઘણો જ અગત્યનો છે. સદર સાહેદના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ છે અને બનાવ બન્યો હોવાની હકીકત જણાવી છે અને બનાવમાં તેઓ ઈંટો લઈને પાછા આવતા હતા તે વખતે સાંજના સાડા છ વાગ્યાનો સમયે તેઓ જાલમભા ડેપાભા નાયાણીના ઘર પાસેથી નીકળ્યા હતા અને તે વખતે ઘર પાસે જાલમભા, વિજય તથા મયુર બેઠા હતા અને તેમને જાલમે ગાળો આપી હતી તેઓએ તેમને સમજાવેલા પરંતુ સમજયા ન હતા અને ભરતને પણ વિજયે ગાળો આપી હતી ત્યારબાદ વિજયના હાથમા લોખંડનો પાઈપ હતો તે પાઈપથી તેમના ડાબા હાથમાં ઘા મારેલો અને તેમનો હાથ ભાંગી નાખેલો તેમજ મયુરભાના હાથમા કુહાડો હતો અને જાલમભાના હાથમા લોખંડનો સળિયો હતો અને ઝપાઝપી થઈ હતી તે દરમિયાન ભરતને કોણે મારેલુ તેની તેમને ખબર પડી ન હતી પરંતુ જાલમે કે વિજયે કાં મયુરે તેને માર્યુ હશે અને ભરતને માથાના ભાગે ઈજા થઈ હતી અને તેમના પાડાશી તેમને બચાવવા આવ્યા હતા અને તેમના દિકરા સુકાભાઈને વિજયે

લોખંડના પાઈપથી હાથમા માર્યુ હતુ અને તેઓ સમજાવવા જતા વિજયે તેમને ફરીથી માર્યા હતો અને તેમને માથાના ભાગે વિજયે લોખંડનો પાઈપ મારેલો હતો અને મયુરભાએ તેમને કુહાડાથી જમણા કાનના માથાના ભાગે ઘા કરેલો અને તે ત્રણેય લોકો તેમને જાનથી મારી નાંખવાના છે તેવી ધમકી આપતા હતા ત્યારબાદ મારો તેમનો મોટો દિકરો ડાયા રાણા તેમને તથા તેમના બંને દીકરાને રીક્ષામા બેસાડી મીઠાપુર ટાટા હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા ત્યારબાદ તેમને વધુ સારવાર માટે જામનગર જી. જી. હોસ્પિટલમા લઈ ગયા હતા ત્યારબાદ પોલીસ હોસ્પિટલમા આવી હતી અને તેઓએ પોલીસ રૂબરૂ મારી ફરિયાદ લખાવી હતી તેમજ બનાવ તેમના આવવા જવાનો રસ્તો જાલમના ઘર પાસેથી હતો અને જાલમ દારૂ પીને ગાળો બોલતો હતો તે કારણે બન્યો હતો અને આ બનાવ બન્યો તે અગાઉ સને ૨૦૧૪ મા પણ ઝઘડો થયો હતો અને તેનો કેસ ઓખા કોર્ટમા ચાલતો હતો તે કારણે આ બનાવ બન્યો હતો. સદર સાહેદે પ્રથમ માહીતી અહેવાલ સહીતની અસલ ફરીયાદ માં તેમના ડાબા હાથના અંગુઠાનુ નિશાન હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવેલ છે તેમજ સાહેદે વધુમાં જણાવ્યુ છે કે, તેઓએ ફરીયાદ આપી તે બાદ એક મોટા પોલીસ સાહેબે તેમની પૂછપરછ કરી નિવેદન નોંધ્યુ હતુ. સાહેદે પોલીસે તેમની પાસેથી કોઈ ચીજ વસ્તુ કબજે કરી હોય તેવુ તેમને યાદ ન હોવાની તેમજ બનાવ વખતે જે કપડા પહેર્યા હતા તે ઓળખી શકે તેમ હોવાની અને મુદ્દામાલ હથિયાર બતાવાવમાં આવે તો પણ તેઓ ઓળખી શકે તેમ હોવાની હકીકત જણાવી છે. સાહેદે મુદ્ધામાલ '' <u>આર્ટીકલ નં. માર્ક જી</u> '' વાળા કપડા જોઈને તેઓએ બનાવ વખતે પહેરેલ કપડા હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવેલ છે. વધુમાં સાહેદે આર્ટીકલ નં. ડબ્લ્યુ–૧ વાળો લોખંડનો સળિયો જોઈને તે બનાવ વખતે આરોપી જાલમભા ડેપાભા નાયાણીના હાથમા હતો તે જ હોવાની હકીકત જણાવી તે ઓળખી બતવોલ છે તેમજ સાહેદે મુદ્ધામાલ આર્ટીકલ નં. ડબ્લ્યુ–૨ વાળો લોખંડનો પાઈપ જોઈને તે બનાવ વખતે આરોપી વિજય જાલમભા નાયાણીના હાથમા હતો તે જ હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવેલ છે તેમજ સાહેદે મુદ્દામાલ આર્ટીકલ નંબર ડબ્લ્યુ–૩ વાળો લોખંડનો કુહાડો જોઈને તે બનાવ વખતે આરોપી મયુર જાલમભા

નાયાણીના હાથમા હતો તે જ હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવેલ છે. સદર સાહેદે ઉલટ તપાસમાં ઉલટ તપાસમાં એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, મીઠાપુર ડોકટરને આરોપીઓના નામો હીસ્ટ્રીમાં લખાવ્યા ન હતા તેમજ મીઠાપુર હોસ્પિટલમા કોઈ હીસ્ટ્રી આપી ન હતી તેમજ ઓખા કોર્ટમા આરોપીઓ નિર્દોષ છુટયા છે તેમજ તેઓએતથા તેમના પુત્રોએ આરોપીઓને તમને અહી રહેવા દેવા નથી અને રહેશો તો એટ્રોસીટીના ગુન્હામા સંડોવી હેરાન કરીશુ તેવી અનેકવાર ધમકીઓ આપી છ તેમજ તેઓએ સરતપાસમા આરોપીઓના હાથમા હથિયાર હોવાની હકીકત તેમજ તેવા હથિયારથી તેઓએ તેમને તથા ભરત તથા સુકાને માર મારેલ હોવાની હકીકત તેઓએ ખોટી જણાવી છે તેમજ તેઓ તથા ભરત સામેથી આરોપીઓને માર મારવા ગયા હતા તેમજ તે દરમિયાન તેઓ અને ભરતભાઈ પડી જતા અમને ઈજા થઈ હતી તેમજ સુકાભાઈ પણ ત્યાં આવતા ધકકા મુકકીમા તેમને વાગ્યુ હતુ. સદર સાહેદે ઉલટ તપાસમાંએવી હકીકત સ્વીકારી છે કે, તેઓ અભણ છે અને ફરીયાદ તેઓએ વાંચી ન હતી તેમજ ફરીયાદ તેમને વાંચી સંભળાવી ન હતી તેમજ ફરીયાદમાં શું લખ્યુ છે તેની તેમને ખબર નથી. સાહેદે એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, તેઓએ ખોટી ફરીયાદ આપી છે તેમજ બનાવ અંગે તેમના વિરુધ્ધ ફરીયાદ થયેલી તેમાંથી બચવા તેઓએ ખોટી ફરીયાદ આપી છે.

(૧૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨, ભરત રાણાભાઈ હાથીયાને આંક : ૩૪ થી તપાસવામાં આવ્યા છે. જેઓ બનાવમાં ભોગ બનનાર સાહેદ છે. સદર સાહેદના મૌખિક પૂરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી અને સરતપાસમાં જણાવ્યુ છે કે, બનાવ બન્યાની ચોકકસ તારીખ તેમને આજે યાદ નથી પરંતુ બનાવ બન્યાને આશરે આઠેક વર્ષનો સમય વિતી ગયાનો તેમને ખ્યાલ છે તેમજ બનાવના દીવસે તેઓ તથા તેમના પિતા રાણાભાઈ બંને ઈંટોની જરૂર હોવાથી મોટર સાઈકલ લઈને આરંભડા ગયા હતા અને ઈંટો લઈને પાછા આવતા હતા તે વખતે સાંજના સાડા છ વાગ્યાનો સમય થયો હતો અને તેઓ જાલમભા ડેપાભા નાયાણીના ઘર પાસેથી નીકળ્યા હતા અને તે સંબંધે તેમના પિતા અને જાલમભા વચ્ચે બોલાચાલી થઈ હતી તેમજ

સાંજનો સમય હતો તેમજ ઘણા લોકો ભેગા થઈ ગયા હતા તે દરમિયાન ભેગા થયેલા લોકો વચ્ચે ગાળાગાળી થઈ હતી અને ઉગ્ર બોલાચાલી થઈ હતી અને તે દરમિયાન તેમના પિતાને ડાબા હાથમા વાગેલુ તેમજ તેમના પિતાને ડાબા પગના ગોઠણના ભાગે તેમજ જમણા કાન ઉપર માથાના ભાગ ઉપર પણ ઈજા થયેલી તેમજ સદર બનાવમા તેમને પણ વાંસામા તથા જમણા હાથમા તેમજ જમણા કાન પાસે ઈજા થયેલી તેમજ સુકાભાઈને પણ પેટના ભાગે તેમજ ડાબા હાથમા ઈજા થઈ હતી તેમજ ઘણા લોકો ભેગા થયા હોવાથી અને ધકકા મુકકી ગાળા ગાળી થઈ હોવાથી કોણે કયા હથિયાર વડે તેમના પિતાને તથા તેમને તથા સુકાભાઈનેમારેલુ તેની ખબર પડી ન હતી તેમજ બનાવ બાદ તેમને સૌપ્રથમ ટાટા હોસ્પિટલમા અને ત્યારબાદ જામનગર જી. જી. હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલ હતા તેમજ સદર બનાવ સંબંધે પોલીસે તેમની પૂછપરછ કરી હતી અને પોલીસે તેમની જાતિનો દાખલો માંગતા તેઓએ પોલીસને આપ્યો હતો. સદર સોહદે વધુમાં જણાવ્યુ છે કે, સદર બનાવમા ઘણા લોકો ભેગા થયા હોય અને ધકકા મુકકી થઈ હોય તેઓએ કોઈ હથિયાર જોયા ન હોય કે મારનાર ઈસમોને જોયા ન હોય તેમને બતાવવામા આવે તો પણ તેઓ ઓળખી શકે તેમ નથી. સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય એ.પી.પી.શ્રી. એ તેઓનેફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીને આધીન સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એવા સૂચનો સ્વીકાર્યા છે કે, બનાવ બન્યો તે વખતે ઘણા લોકો ભેગા થયા હતા તેમજ તેમના પિતા રાણાભાઈ હાથીયાને તથા તેમના ભાઈ સુકાભાઈ હાથીયાને તથા તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હતી.

(૧૪) ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૩, સુકાભાઈ રાણાભાઈ હાથીયાને આંક : ૩૫ થી તપાસવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષના કેસ અનુસાર તેઓ બનાવને નજરે જોનાર સાહેદ છે અને બનાવમાં ભોગ બનનાર પણ છે. સબબ સદર સાહેદનો મૌખિક પૂરાવો આરોપીઓ

સામે આક્ષેપિત ગુનાહિત કૃત્યનુ તહોમત પુરવાર કરવા માટે ઘણો જ અગત્યનો છે. સદર સાહેદના મૌખિક પૂરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન આપેલ નથી અને સરતપાસમાં જણાવ્યુ છે કે, બનાવ બન્યાની ચોકકસ તારીખ તેમને આજે યાદ નથી પરંતુ બનાવ બન્યાને આશરે આઠેક વર્ષનો સમય વિતી ગયાનો તેમને ખ્યાલ છે તેમજ બનાવના દીવસે તેમનો ભાઈ ભરતભાઈ તથા તેમના પિતા રાણાભાઈ બંને ઈંટોની જરૂર હોવાથી મોટર સાઈકલ લઈને આરંભડા ગયા હતા અને તેઓ ઈંટો લઈને પાછા આવતા હતા તે વખતે સાંજના સાડા છ વાગ્યાનો સમય થયો હતો અને તેઓ જાલમભા ડેપાભા નાયાણીના ઘર પાસેથી નીકળ્યા હતા અને તે સંબંધે તેમના પિતા અને જાલમભા વચ્ચે બોલાચાલી થઈ હતી તેમજ સાંજનો સમય હતો તેમજ ઘણા લોકો ભેગા થઈ ગયા હતા અને તેઓ પણ ત્યાં ગયા હતા તે દરમ્યાન ભેગા થયેલા લોકો વચ્ચે ગાળાગાળી થઈ હતી અને ઉગ્ર બોલાચાલી થઈ હતી અને તે દરમિયાન તેમના પિતાને ડાબા હાથમા વાગેલુ તેમજ તેમના પિતાને ડાબા પગના ગોઠણના ભાગે તેમજ જમણા કાન ઉપર માથાના ભાગ ઉપર પણ ઈજા થયેલી તેમજ સદર બનાવમા તેમના ભાઈ ભરતભાઈને વાંસામા તથા જમણા હાથમા તેમજ જમણા કાન પાસે ઈજા થયેલી તેમજ તેઓને પણ પેટના ભાગે તેમજ ડાબા હાથમા ઈજા થઈ હતી તેમજ ઘણા લોકો ભેગા થયા હોવાથી અને ધકકા મુકકી ગાળા ગાળી થઈ હોવાથી કોણે કયા હથિયાર વડે તેમના પિતાને તથા તેમને તથા ભરતને મારેલુ તેની ખબર પડી ન હતી તેમજ બનાવ બાદ તેમને સૌપ્રથમ ટાટા હોસ્પિટલમા અને ત્યારબાદ જામનગર જી. જી. હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલ હતા તેમજ સદર બનાવ સંબંધે પોલીસે તેમની પૂછપરછ કરી હતી અને પોલીસે તેમની જાતિનો દાખલો માંગતા તેઓએ પોલીસને આપ્યો હતો તેમજ સદર બનાવમા ઘણા લોકો ભેગા થયા હોય અને ધકકા મુકકી થઈ હોય તેઓએ કોઈ હથિયાર જોયા ન હોય કે મારનાર ઈસમોને જોયા ન હોય તે તેમને બતાવવામા આવે તો પણ તેઓ ઓળખી શકે તેમ નથી.સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય એ.પી.પી.શ્રી. એ તેઓનેફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીને આધીન સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરી છે પરંતુ તે થકી

પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નીવડયા નથી. બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એવા સૂચનો સ્વીકાર્યા છે કે, બનાવ બન્યો તે વખતે ઘણા લોકો ભેગા થયા હતા તેમજ તેમના પિતા રાણાભાઈ હાથીચાને તથા તેમના ભાઈ ભરત હાથીચાને તથા તેમને કોણે કયા હથિયાર વડે મારેલ તેની ખબર પડી ન હતી.

**(૧૫)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૪ રમેશભાઈ ધંધાભા બઠીયાને આંક : ૩૬ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે. તેમના મૌખિક પૂરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પો.સ્ટે. અમલદાર તરીકે ચાર્જમાં ફરીયાદ આધારે ગુનો નોંધી આગળની તપાસ ડેપ્યુટ કરી છે અને ગુનાની નોંધ સ્ટે. ડા. માં કરી છે તેમજ પ્રથમ માહીતી અહેવાલ નિયત નમુનામાં તૈયાર કર્યો છે.

**(૧૬)** ફરીયાદ પક્ષ તર્ફે સા.નં. ૫ રમેશભાઈ કાંતીલાલ પટેલને આંક : ૪૧ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ આ ગુનાની તપાસ કરી છે. સદર સાહેદે તેમની ફરજના ભાગ રૂપે ગુનાની તપાસ દરમ્યાન કરેલ તમામ કાર્યવાહીઓને તથા તૈયાર કરેલ તમામ દસ્તાવેજોને સમર્થન આપ્યુ છે. સદર સાહેદે ઉલટ તપાસમાં એવા સૂચનોનો ઈન્કાર કર્યો છે કે, ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખવામાં આવી ન હતી તેમજ સાહેદોની પુછપરછ કર્યા વિના નિવેદનો ફરીયાદને અનુરૂપ તેઓએ તેમની મરજી મુજબ લખી લીધા હતા તેમજ પંચનામા પો.સ્ટે. માં તૈયાર કરી માત્ર પંચોની તેના ઉપર સહીઓ કરાવી હતી તેમજ આરોપીઓ વિરૂઘ્ધ કોઈપણ જાતનો પૂરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે તેમજ ખોટી તપાસને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપી છે.

**(૧૭)** આમ, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે બનાવ અંગેની ફરિયાદ આપનાર કે જેઓ બનાવમાં ભોગ બનનાર પણ છે તેમના મૌખિક પુરાવા દ્વારા આંક : ૩૨ થી રજૂ થયેલ ફરિયાદના કથનો પુરવાર થતા નથી કારણકે તેઓએ ઉલટ તપાસમાં તેઓએ ફરીયાદ વાંચી ન હોવાની કે પોલીસે તેમને વાંચી સંભળાવી ન હોવાની તેમજ

ફરીયાદમાં શુ લખ્યુ છે તેની તેઓને ખબર ન હોવાની હકીકત જણાવી છે. વધુમાં સદર સાહેદ ઉલટ તપાસમાં મીઠાપુર ટાટા હોસ્પીટલમાં હીસ્ટ્રીમાં આરોપીઓના નામો લખાવવામાં આવ્યા ન હોવાના સૂચનનો ઈન્કાર કરે છે જયારે આંક : ૫૬ થી રજુ થયેલ ટાટા હોસ્પીટલના પ્ર માણપત્રમાં હીસ્ટ્રીમાં આરોપીઓના નામો લખાવવામાં આવ્યા નથી. વધુમાં ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે અગાઉના બનાવ સંબંધે મનદુ:ખ હોય સદર સાહેદને આરોપીઓની વિરૂધ્ધ મૌખિક પૂરાવામાં હકીકતો જણાવવા પુરતુ કારણ અને રસ હોવાનુ પ્રસ્થાપિત થયુ છે. તે સંજોગોમાં સદર સાહેદનો મૌખિક પૂરાવો વિશ્વસનીય નથી. વધુમાં તેમના મૌખિક પૂરાવાને અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદના મૌખિક પૂરાવાથી તથા / અથવા તબીબી કે સાયન્ટીફીક પૂરાવાથી કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં આ કામે બનાવમાં ભોગ બનનાર અન્ય બન્ને સાહેદોએ ફરીયાદ પક્ષના કેસ ને સમર્થન આપ્યુ નથી. તે સંજોગોમાં પોલીસે ફરિયાદીના લખાવ્યા મુજબ ફરિયાદ લખી હોવાની હકીકત પરત્વે જ વ્યાજબી શંકા ઉપસ્થીત થાય છે. વધુમાં બનાવમાં ભોગ બનનાર ફરિયાદી તથા અન્ય બન્ને સાહેદોના મૌખિક પૂરાવાથી બનાવ બન્યો હોવાની હકીકતને તો સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ તેવા બનાવ વખતે બનાવના સ્થળે અને સમયે આરોપીઓની હાજરી પ્રસ્થાપિત થતી નથી. ફરિયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બન્યાની હકીકતને કોઈપણ સ્વતંત્ર સાહેદો દ્વારા સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, હાલના કેસમાં બનાવને નજરે જોનાર ભોગ બનનાર ફરિયાદી તથા સાહેદોના મૌખિક પુરાવાથી આરોપીઓ ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય તેઓએ આચર્યુ હોવાની હકીકત પુરવાર થતી નથી. હાલના કેસમાં ગુનાની તપાસ કરનાર અમલદાર એ રસ ધરાવનાર સાહેદ છે. વધુમાં ગુનાની ફરિયાદ લેનાર પોલીસ સાહેદને ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવ્યા નથી. તે સંજોગોમાં આ કામે ગુનાની તપાસ કરનાર પોલીસ અધીકારીની કોઈપણ જાતના સમર્થન વિનાના મૌખિક પુરાવા ઉપર આધાર રાખીને હાલના આરોપીઓને ''પીનલ કોડ'' ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) તથા ''એટ્રોસીટી એકટ'' ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત માટે કસુરવાર

ઠરાવી શકાય તેમ નથી. સબબ તે અનુસાર મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારત્મક આપી મુદ્દા નંબર : ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

(૧) ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૨૫૮(૧) અન્વયે આરોપી નં. ।૧। જાલમભા ડેપાભા નાચાણી,જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૫૩, ધંધો : ડ્રાઈવિંગ, તેમજ ।૨। મયુરભાં જાલમભા નાચાણી,જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : આશરે : ૨૨, ધંધો : કલીનર, તેમજ ।૩। વિજયભા જાલમભા નાચાણી,જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૨૮, ધંધો : ડ્રાઈવિંગ,રહેવાસી : ત્રણેય – આરંભડા સિમ,ઘરાર નગર, ઠેકાણું : આવડ માતાનાં મંદિર પાસે, તાલુકો : દ્વારકા, જિલ્લા : દેવભૂમિ દ્વારકનાઓને ''પીનલ કોડ'' ની કલમ : ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા ''જી. પી. એકટ'' ની કલમ ૧૩૫(૧) તથા ''એટ્રોસીટી એકટ'' ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યનાં તહોમતમાંથી વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના બેઈલ બોન્ડ રદ્દ કરવામાં આવે છે તથા જામીનદારોને મુકત કરવામાં આવે છે.

(૩) આ ગુના કામે પોલીસે કબજે કરેલ બીનકીંમતી મુદ્દામાલ અપીલ સમય વી ત્યાંબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હાલના છોડી મુકવાના જજમેન્ટ સામે કોઈ અપીલ કે રીવીઝન થયેથી તેમાં આરોપીઓ અચુકપણે હાજર રહેશે તે માટે ''બી.એન.એસ.એસ.'' ની કલમ ૪૮૧ અન્વયે દરેક ( પ્રત્યેક ) આરોપીએ છ માસની મુદૃત અંગે રૂા.૫,૦૦૦/–સધ્ધર જામીનદારની જામીનગીરી તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવાનો રહેશે. વીકલ્પે આરોપીઓ તરફે અગાઉ રજૂ કરવામાં આવેલ જામીનગીરીઓ તે જ હેતુ માટે વધુ છ માસની મુદત સુધી ચાલું રહેલી ગણવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૦૧ લી માહે : એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ દ્વારકા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : દ્વારકા.
તારીખ : ૦૧/૦૪/૨૦૨૬.
(#STENO.:H.N.T.)

(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)
સેકન્ડ એડીશનલ સેશન્સ તથા સ્પે.
જજ એટ્રોસીટી એકટ, દ્વારકા
કોડ નં.જીજે૦૦૫૯૭